મહત્તમ : ૩૪.૨ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૬ ટકા
ગાંધીનગર તાપમાન

ઓપીડી બિલ્ડીંગમાં પાણીના વેડફાટ સામે સિવિલ સુપ્રિટેન્ડન્ટ લાલઘુમ

ગાંધીનગર, તા.૧૯

જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલની ઓપીડી બિલ્ડીંગમાં થતો પાણીનો વેડફાટ તબિબિ અધિક્ષકને નજરે પડ્યો હતો. અચાનક બપોરના સમયે રાઉન્ડમાં નીકળેલા તબિબિ અધિક્ષકના ધ્યાનમાં પાણીનો અવાજ આવ્યો હતો. જેથી તેઓએ જોયુ તો બાથરૂમમાં રહેલા નળમાંથી સતત પાણી વહી રહ્યું હતું. પાણીના બગાડને અટકાવી સિવિલના સત્તાધિશે લાગતા વળગતા અધિકારી-કર્મચારીઓનો ઉધડો લીધો હતો. જેને પગલે પાણીનો થતો બગાડ અટકાવવા માટે શુક્રવારના રોજ કર્મચારીઓ આખી હોસ્પિટલમાં આંટાફેરા મારતા નજરે પડ્યા હતા.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવી ઓપીડી તેમજ ૬૦૦ બેડની બિલ્ડીંગમાં દર બે દિવસે નળમાંથી ટપકતુ પાણી અને ગટર દુષિત પાણી બિલ્ડીંગમાં ફરી વળે છે. હોસ્પિટલનું નવિન બિલ્ડીંગ જ બિમારીના બિછાને હોય તેવી દયાજનક સ્થિતિ છે. ત્યારે સારવાર લેતા દર્દીઓએ કેટલી હાલાકી વેઠવી પડતી હશે તેનો અંદાજ આવી શકે છે. સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગના નિર્માણ પાછળ કરોડો રૂપીયાનો ખર્ચ કરાયો છે. પરંતુ પાણી અને ગટર લાઈનની કામગીરીમાં ગુણવતા ન જળવાતા ખર્ચની આ રકમ પર પાણી ઢોળ થયું છે. તાજેતરમાં જ મેડીકલ કોલેજ, બોયઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલમાં પાણીના પોંકાર ઉઠ્યા હતા. બે દિવસુ સુધી વિદ્યાર્થીઓ પાણી માટે વલખા માર્યા હતા. ત્યારબાદ પાણીની પાઈપ લીકેજ હોવાથી તે તાત્કાલીક રીપેર કરી પાણી પહોંચાડવામાં આવ્યું હતું. ત્યારે સુત્રો દ્વારા મળતી વિગત મુજબ આવા સંજોગોમાં સિવિલ સંકુલમાં પાણીનો બગાડ અટકાવવા માટે બિલ્ડીંગમાં સિવિલ સુપ્રિટેન્ડન્ટે રાઉન્ડ માર્યો હતો. જેમાં બાથરૂમના નળમાંથી સતત પાણી વહેતુ જોવા મળ્યું હતું. તેઓએ તાત્કાલીક અસરથી પાણી બંધ કરી દીધુ હતું. ત્યારબાદ કેમ્પસની બિલ્ડીગમાં પાણી લીકેજને પગલે પાણીનો બગાડ વધુ થતો હોવાનું ધ્યાને આવતા કર્મચારીઓનો ઉધડો લીધો હતો. જેથી કર્મચારીઓ પાણીના લીકેજ શોધવા માટે નીકળી પડ્યા હતા. પાણીના બગાડને સિવિલના સત્તાધિશે અટકાવ્યો તે સરાહનીય બાબત છે.

શાકમાર્કેટમાં બજારમાં નાના-મોટા પાથરણાં પાથરીને વેપાર કરતા શ્રમજીવીઓના નાના બાળકો ખૂબ નાની ઉંમરમાં પૈસાનું મૂલ્ય સમજતા થઈ જાય છે. એક-એક પૈસો કેમ બચાવવો અને એક એક પૈસાની કમાણી કેવી રીતે કરવી તેઓ ખૂબ જ કાચી ઉંમરમાં સમજી જાય છે. રમવાની અને ભણવાની ઉંમરમાં બે પૈસાની કમાણી કરવાની મજબૂરી તેમની આંખોમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. જુના સચિવાલયની પાછળ આવેલા મીનાબજારમાં અને પોઈન્ટના બસ સ્ટેન્ડ પર હાલમાં કાચી આંબલી/કાતરાનું વેચાણ નાના બાળકો કરી રહ્યા છે. આસપાસ આવેલી આંબલીઓ પર ચઢીને પાડેલા કાતરાં હાલમાં ખૂબ વેચાઈ રહ્યા છે.

જન્મદિને વધામણી

વિજયભાઈ સુખડીયા
મો. ૯૧૭૩૪ ૪૫૯૫૪

કાંતિભાઈ પટેલ
એડવોકેટ
ઈન્ડિયન લાયન્સ
મો. ૯૪૨૭૦ ૦૬૩૭૫

કમલનયન બ્રહ્મભટ્ટ
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૫૧૦૮૫

અરના મનસુરી
મો. ૮૭૮૦૨ ૬૬૬૨૪

કેયુર એમ. ખખ્ખર
મો. ૯૭૨૫૬૫૩૫૮૦

કૃતજ્ઞા વસાવડા

આજે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેક્ટર-૨૦ ખાતે તા. ૨૦મી ફેબ્રુઆરીના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદન સમારોહ યોજાશે. જેમાં ગુજરાતના રાજયપાલ તથા યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રત ઉપસ્થિત રહેશે. પદવીદાન સમારોહમાં યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખામાં ઉત્તીર્ણ અનુસ્નાતક તેમજ પીએચડીના વિદ્યાર્થીઓને પદવી પ્રદાન કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને સુવર્ણપદક એનાયત કરાશે. આ પ્રસંગે રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ઉચ્ચ શિક્ષણ વિભાગના અગ્રસચિવ અંજુ શર્મા ઉપસ્થિત રહેશે તેમજ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ સહિત કુલસચિવ અને સ્ટાફ ઉપરાંત વિવિધ યુનિવર્સિટીના કુલપતિઓ સહિત વિશેષ અતિથિઓ ઉપસ્થિત રહેશે.

છેલ્લાં સાતેક વર્ષથી ન્યાયના અમલને ઝંખી રહેલા ૮૫ વર્ષીય વૃદ્ધ શ્રમજીવી

સે-૨૧માં લારી પર ગલ્લો ચલાવી ગુજરાન કરતાં શ્રમજીવી કનુભાઈનો ગલ્લો ૨૦૦૫માં જપ્ત કરાયો હતો માનવ અધિકાર આયોગે ૨૦૧૩માં કનુભાઈની તરફેણમાં ચુકાદો આપ્યો હોવા છતાં તેનો અમલ નથી કરાયો

ગાંધીનગર, તા.૧૯

'ન્યાય મોડો મળવો એ પણ અન્યાય બરાબર જ છે' આ ઉક્તિ ગાંધીનગરના એક વરિષ્ઠ નાગરિકને બરાબર લાગુ પડે છે જેઓ છેલ્લા કેટલાય વર્ષોથી જંગ જીતી ચુકયા હોવા છતાં ન્યાયની રાહ જોઈ રહ્યાં છે. શહેરના વાવોલ ખાતે રહેતા ૮૫ વર્ષની જૈફ વય ધરાવતા શ્રમજીવી વડીલ કનુભાઈ એમ શ્રીમાળીને માનવ અધિકાર આયોગ દ્વારા તેમની તરફેણમાં ચુકાદો આપી દિધો હોવા છંતા તંત્ર દ્વારા તેનો છેલ્લાં સાતેક વર્ષોથી અમલ કરવામાં આવતો નથી જેના કારણે કનુભાઈ પોતાની તરફેણમાં ન્યાય મળ્યો હોવા છંતા તેનો લાભ લેવાથી વંચિત રહી જવા પામ્યાં છે.

ગાંધીનગર મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી તે પહેલાં નોટિફાઈડ કચેરી બધો વહીવટ સંભાળતી હતી. કનુભાઈ શ્રીમાળી સેક્ટર-૨૧માં લારી પર ગલ્લો બનાવી તેમાં માલસામાન વેચી પોતાનું પેટીયું રળતાં હતાં પરંતુ તેમનો ગલ્લો પૈડા પર બનેલો અને સ્થળાંતરિત થઈ શકે તેવો હોવા છતાં તા. ૪ જુલાઈ ૨૦૦૫ના રોજ તત્કાલીન ચીફ ઓફિસર પ્રકાશ સોલંકી દ્વારા દબાણ અંતર્ગત કનુભાઈનો ગલ્લો જપ્ત કર્યો હતો. કનુભાઈની દંડ ભરવાની તૈયારી હોવા છતાં તેમનો ગલ્લો પરત આપવામાં આવ્યો નહોતો. પોતાની આજીવિકાનું સાધન છીનવાઈ જતાં કનુભાઈએ માનવ અધિકાર આયોગમાં ન્યાય માટે ધા નાંખી હતી જેનો વર્ષ

૨૦૧૩માં તેમની તરફેણમાં ચુકાદો આવ્યો હતો. માનવ અધિકાર આયોગે ચીફ ઓફિસરનું કૃત્ય ખાતાકિય રીતે ગંભીર ગેરવર્તણુંકવાળુ ગણાવી ચીફ ઓફિસર સામે ફોજદારી ગુનો બનતો હોવાનું જણાવ્યું હતું. આ સાથે આયોગ દ્વારા અરજદાર કનુભાઈને ૧ પહજારનું નુકસાન થયું હોવાથી તે અંગે જરૂરી કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો હતો. જો કે નિર્દેશને સાતેક વર્ષ ઉપરનો ગાળો વીતી ગયો હોવા છતાં અને કનુભાઈ ૮૫ વર્ષની જૈફ વયે પંહોચી ગયા છતાં આજદિન સુધી જવાબદાર તંત્ર દ્વારા આયોગના નિર્દેશ પર અમલ કરવામાં આવ્યો નથી તેવું કનુભાઈ જણાવી રહ્યાં છે અને આજે પણ તેઓ ન્યાય મળવાની વાટ ઝંખી રહ્યાં છે.

સુઘડ પાસે અકસ્માત બાદ પડી રહેલા ૧.૩૦ લાખના બાઈકની ચોરી

યુવક પોતાનું જી.જે.૨૭.ડી.એલ.- ૩૧૪૯ હોન્ડા હોર્નેટ બાઈક લઈને અગોરા મોલ ખાતે આવ્યો હતો : સવારે સાડા અગીયાર વાગે તે બાઈક લઈને ઘર તરફ જઈ રહ્યો હતો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા સુઘડ ગામ પાસેથી બાઈકની ઉઠાંતરી થઈ છે. અકસ્માત બાદ પડી રહેલું રૂ.૧.૩૦ લાખનું બાઈક ચોરી થઈ જતા અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદના વસ્ત્રાલ ખાતે રહેતા એમપી વિજયલક્ષ્મી રાજેશ પૈ નામના મહિલાનો દિકરો ગાંધીનગર ઈટેક ખાતે એસોસિએટ તરીકે નોકરી કરે છે. ગત તા.૧૧ ફેબુઆરીના રોજ યુવક પોતાનું જી.જે.૨૭.ડી.એલ.- ૩૧૪૯ હોન્ડા હોર્નેટ બાઈક લઈને અગોરા મોલ ખાતે આવ્યો હતો. સવારે સાડા અગીયાર વાગે તે બાઈક લઈને ઘર તરફ જઈ રહ્યો હતો. તે સમયે અજાણ્યા વાહન સાથે બાઈક ટકરાયું હતું. બાઈક ચાલકને ઈજા થતા ૧૦૮ દ્વારા સારવાર માટે લઈ જવાયો હતો. જયારે બાઈકની ચાવી યુવકના ખીસ્સામાં મુકી હતી.

અકસ્માતમાં ઈજા પામેલા દિકરાની સારવાર બાદ માતા બાઈક લેવા માટે તા.૧૭ ફેબુઆરીના રોજ ગયા હતા. ત્યારે બનાવ સ્થળ પર બાઈક ન હતુ. જેથી તેઓએ આસાપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી પરંતુ બાઈક ન મળી આવતા આખરે અડાલજ પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

હજુ અમારી સમસ્યાઓ કેમ યથાવત? પુછતા હૈ ગોકુલપુરા..!!

આગામી ચુંટણીઓમાં મત માંગવા આવનારા સત્તાધીશો પાસે પહેલાં વણઉકેલાયેલી સ્થાનિક સમસ્યાઓ અંગે જવાબ માંગવા પ્રજાને જાગૃત કરવાનો સામાજિક કાર્યકર ભૂમિબેન રબારીનો અનોખો કિમિયો

ગાંધીનગર તા. ૧૯

ગાંધીનગર મહાનગર

પાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યાં છે, અને નાગરિકો પ્રત્યે સત્તાધીશો તેમજ સ્થાનિક નેતાઓનું વલણ કૂણું બની રહ્યું છે. જો કે આ સાથે વણઉકેલાયેલી સ્થાનિક સમસ્યાઓ અંગે પ્રજાનો અવાજ પણ બુલંદ થઈ રહ્યો છે અને હવે પ્રજા રાજકીય નેતાઓ માયાજાળમાં ફસાવા તૈયાર નથી. ગાંધીનગરના કરોડ પરના ગોકુળપુરા ખાતે છેલ્લા કેટલાય સમયથી અનેકવિધ સમસ્યાઓથી પ્રજા ત્રસ્ત હોવા સાથે તે બાબતે અસંખ્ય રજુઆતો કરી હોવા છતાં સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા હતા. હવે જ્યારે સ્થાનિક સ્વરાજની ચુંટણીઓ ઢુકડી આવી પહોંચી છે ત્યારે ગોકુળપુરા અને યુવા સામાજિક કાર્યકર કાર્યકર ભુમિબેન રઘુભાઈ રબારી દ્વારા આ સમસ્યાઓ અંગે ગોકુળપુરાના પ્રજાજનોને જાગૃત કરવા ગામમાં સમસ્યાઓના ફોટા સાથેના મોટા હોર્ડિંગ્સ લગાડી અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે.

ગોકુળપુરાના સામાજિક કાર્યકર ભૂમિબેન રઘુભાઈ રબારી દ્વારા ગોકુળપુરામાં ફેલાયેલી ગંદકીથી માંડીને ઉભરાતી ગટરો ઉપરાંત સરકારી દવાખાનું, બાળકો માટે બગીચો, સ્ટ્રીટલાઈટો, ગેસ પાઈપલાઈન, શહેરી બસ સેવા, પીવાનું પાણી ડહોળું આવતું હોવું, વસાહતના મકાનોને સનદ ના પ્લોટમાં નામ ફેર સહિત મકાનોને કાયદેસર કરવા જેવી પાયાની સમસ્યાઓ અંગે સેવવામાં આવતી દુર્લક્ષતા બાબતે પ્રજાજનોએ જાગૃત થઈને આગામી ચૂંટણીઓમાં વોટ માંગવા આવનારા નેતાઓ પાસે જવાબ માંગવા અનુરોધ કરવામાં આવ્યો છે. ગોકુળપુરામાં લાગેલા આ હોર્ડિંગ્સોએ ભારે કૌતુક જગાવ્યું છે અને તેના ફોટા સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ ગયા છે.

આઈઆઈટી ગાંધીનગરના પ્રો. હિમાંશુ શેખરને ઈનોવેટિવ યંગ બાયોટેકનોલોજિસ્ટ એવોર્ડ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર ખાતેની આઈઆઈટી-જીએનના પ્રાધ્યાપક પ્રો.હિમાંશુ શેખરને ભારત સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રાલયના બાયોટેકનોલોજી વિભાગ દ્વારા હર ગોવિંદ ખોરાણા ઈનોવેટિવ યંગ બાયોટેકનોલોજિસ્ટ એવોર્ડ ૨૦૨૦ એનાયત કરાયો છે. આ એવોર્ડમાં સંશોધન અનુદાન અને ત્રણ વર્ષની ફેલોશિપ શામેલ છે, જે પ્રોફેસર શેખરને સ્તન કેન્સરની સારવાર માટે અલ્ટ્રાસાઉન્ડ આધારિત અભિગમ અપનાવવા માટે સક્ષમ બનાવશે.

આ એવોર્ડ્સ બાયોટેકનોલોજીના સંબંધિત ક્ષેત્રોમાં સંશોધન આગળ વધારવા માટે નવીન વિચારો અને પ્રેરણા સાથે ઉત્કૃષ્ટ યુવા વિજ્ઞાનીઓને એનાયત કરાયા છે. આ સિદ્ધિ પર પોતાના વિચારો વ્યક્ત કરતાં પ્રો. હિમાંશુ શેખરે કહ્યું, 'હું આ સમર્થન અને અમારા જૂથના કાર્ય માટેના સમર્થન માટે ખૂબ આભારી છું. રેડિયો - કીમોથેરેપીનો ઉપયોગ હાલમાં સ્તન કેન્સરની સારવાર માટે કરવામાં આવે છે, તેમ છતાં, તે બધા દર્દીઓને ફાયદો કરતું નથી, અને વારંવાર સારવાર માટે આવકાદાયક નથી તેથી, દર્દીઓના સબસેટમાં પરિણામો સુધારવા માટે વૈકલ્પિક અભિગમોની જરૂર છે. સ્તન કેન્સરની સારવાર માટે નવલકથા ઉપચારાત્મક અને ઈમેજ માર્ગદર્શન સાથે મધ્યમ તીવ્રતાના અલ્ટ્રાસાઉન્ડ એક્સપોઝરનો ઉપયોગ કરવાનો અમારું લક્ષ્ય છે, જે દર્દીની અસ્તિત્વ અને જીવનની ગુણવત્તાને સંભવિત રીતે વધારી શકે છે.'

કોવિડ-૧૯ને પગલે વાવોલમાં ઉર્ષ અને ન્યાઝનો પ્રોગ્રામ મોકુફ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના વાવોલ ખાતો હઝરત પીર મુહંમદ હુસૈન બાવા (ર.અ)નો ઉર્ષ મુસ્લિમ બિરાદરો દ્વારા ખુબ હર્ષોલ્લાસથી ઉજવવામાં આવે છે અને તો સાથે યોજાતા ન્યાઝમાં પણ મોટી સંખ્યામાં બિરાદરો પરિવાર સહિત જોડાતા હોય છે. જો કે આ વર્ષે કોરોના મહામારીના પગલે આગામી તા. ૨૭મી ફેબ્રુઆરી શનિવારના રોજ મુ.ચાંદ-૧૪ રજબના રોજ યોજાનાર ઉર્ષ કોવિડ-૧૯ની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખીને મોકુફ રાખવામાં આવ્યો છે જેની દરગાહ કમિટી દ્વારા અકીદતમંદોને જાણ થાય તેવું અખબારી યાદીમાં જણાવાયું છે.

આજે સે-૨૬ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

આજે ગોસ્વામી સંજય ભારતી બાપુની વ્યાસપીઠે બપોરે ૩.૩૦ વાગ્યે દક્ષાબેન શરદકુમાર યાક્ષીક અને સપ્તરંગ પેકેજર્સ પરિવાર દ્વારા સે-૨૬ ખાતે પ્લોટ નં. કે-૧ ૮૦૨/૨, જીઆઈડીસી સેક્ટર-૨૬ ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે.

વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા પાટોત્સવ સાદગીપૂર્વક યોજાશે

ગાંધીનગર, તા.૧૯

વિશ્વકર્મા સેવા સમાજ સે-૧૨ ગાંધીનગર ખાતે તા. ૨૪ અને ૨૫ ફેબ્રુઆરીના રોજ વિશ્વકર્મા ભગવાન અને રાંદલ માતાજીના પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સાદાઈથી યોજાનાર આ કાર્યક્રમમાં મહાપુજાનું આયોજન કરવામાં આવ્યું છે. દર અમાસે દાદાની કથાનું આયોજન થતું હતું તે હવે ફરીથી શરુ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવાયું છે કે આ પાટોત્સવમાં સમુહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું નથી.



ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી. શાળાના વિદ્યાર્થીઓએ મિત્રતાનું મહત્વ સમજીને તેનો સંદેશો આપવા અલગ અલગ વાર્તાઓના ચાર્ટ બનાવ્યા હતા.

શહેરમાં નિઃશુલ્ક ટેકવોન્ડો કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

કોરોના થોડો હળવા થતા શહેરમાં રોકાયેલી પ્રવૃત્તિઓ શરૂ થવા લાગી છે ત્યારે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન દ્વારા તા. ૨૩ ફેબ્રુઆરી થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન સાંજે ૪.૩૦ થી ૬ વાગ્યા દરમિયાન ભારતમાતા મંદિર સેકટર-૭ ખાતે નિઃશુલ્ક ટેકવોન્ડો કેમ્પ (નિઃશુલ્ક સ્વરક્ષણ) યોજાશે. જેમાં જોડાવવા ઈચ્છુક શહેરીજનોને સમયસર ઉપરોકત સ્થળે હાજર રહેવા તથા વધુ માહિતી માટે જતીન દવે ૭૪૦૫૨ ૬૭૭૨૭નો સંપર્ક કરવા ચીફ કોચ જતીન દવે દ્વારા જણાવાયું છે.

ગાંધીનગર સાહિત્ય સભાના 'ઝલક' નામક ઈ-મેગેઝીનનું વિમોચન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સાહિત્ય સભાના માસિક ઈ મેગેઝીન ઝલકનું વેલેન્ટાઈન ડેના દિવસે વિમોચન કરવામાં આવ્યું. સંસ્થાના યુવા કારોબારી સભ્ય અજય રાવલને ધ્યાને આવેલી વાતને અધ્યક્ષ દ્વારા સમર્થન આપવામાં આવ્યું અને સર્વાનુમતે આ ઝલક ઈ-મેગેઝિનના આગળના કાર્ય માટે જવાબદારી સોંપવામાં આવી. જે સંદર્ભે કવિ પ્રતાપસિંહ ડાભી દ્વારા સંપાદક તરીકે, સહ સપાંદક તરીકે અજય રાવલ, ટેકનિકલ અને સાહિત્ય માટે ડૉ. દિશા પોપટ નિમાયા હતા. જાણીતા કવિ કિશોર જીકાદરા દ્વારા પ્રેમથી છલોછલ ગઝલ મોકલવામાં આવી. આ ઉપરાંત નિયતી કાપડીયા, લતા શુકલ, મનદીપ ડાભી, ડૉ. હિતેશ પટેલ અને સંજીવ પંડયા જેવા નવા સભ્યો દ્વારા પણ ઉત્સાહ બતાવ્યો હતો. આ ઈ-મેગેઝીન કાર્ય માટે ખાસ રમેશ ઠકકર, કલ્પેશ પટેલ, રમણભાઈ વાઘેલા, અશ્વિન ત્રિવેદી તથા નેહલ ગઢવી દ્વારા અંગત રસ લઈને કાર્ય કરવામાં આવ્યું.

આ ઈ-મેગેઝીન ઝલકનું વિમોચન ૧૪ ફેબ્રુઆરીના રોજ જાણીતા સાહિત્યકાર રાઘવજી માધડ, ડૉ. કેશુભાઈ દેસાઈ, ડૉ. કનૈયાલાલ ભટ્ટ, ડૉ. ધેવત શુકલ દ્વારા શહેરના તમામ જાણીતા કવિઓ અને સભાના સભ્યોની હાજરીમાં થયું હતું.

વિશ્વકર્મા પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિ ઉજવણી કાર્યક્રમ મોકુફ

ગાંધીનગર, તા.૧૯

શહેરના વિશ્વકમા પંચાલ સમાજ ગાંધીનગર દ્વારા તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ યોજાનાર વિશ્વકર્મા જયંતિ ઉજવણીનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે તેમ એક અખબારી યાદીમાં પ્રમુખ છનાભાઈ બી. પંચાલે જણાવ્યું છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર કાળાજી પુંજાજી**
  ઉ.વ. ૮૦, ફતેહપુરા, માણસા
- **સ્વ. ઉપાધ્યાય હરીશકુમાર શિવનારાયણ**
  ઉ.વ. ૪૮, રાયસણ
- **સ્વ. દરજી કોકીલાબેન વિષ્ણુભાઈ**
  ઉ.વ. ૫૨, વાવોલ
- **સ્વ. આદેશરા જસવંતલાલજીભાઈ**
  ઉ.વ. ૭૩, સેક્ટર-૨૩